GJGS040009122026 CRMA CASE No. 49/2026

**: આંક–૧ લગત હુકમ :**

(૧) અરજદાર ગોસાઈ ભાવીકાબેન દવારા હાલની અરજી બી.એન.એસ.એસ. ની કલમ ૧૦૦ મુજબ અરજદારની દીકરી જીનલ, ઉ.વ.૦૨ જેઓ હાલ સામાવાળાઓ પાસે હોય જેઓ તેમની સાર સંભાળ રાખતા ન હોય અને તેમની દીકરીની ઉંમર ૦૨ વર્ષની હોય જેઓ માતા વગર રહી શકતા ન હોય અરજીમાં જણાવેલ સરનામે સામાવાળા વિરૂધ્ધ સર્ચ વોરંટ કાઢવા અરજ ગુજારેલ છે.

(૨) સામાવાળાને નોટીસ બજી જતા તેઓ આજરોજ કોર્ટ સમક્ષ તેમના વિવશ્રી સાથે હાજર રહેલ છે અને તેઓએ આંક–૬ થી સોગંદનામુ કરી જણાવેલ છે કે આ કામના અરજદાર અને સામાવાળાના લગ્ન તા. ૧૦/૦૨/૨૦૨૩ ના રોજ થયેલ છે જે લગ્ન જીવનથી દીકરી જીનલ નો જન્મ થયેલ છે અને સામાવાળા પિતા તરીકેની જવાબદારી નિભાવી દીકરી જીનલનો સારી રીતે લાલનપાલન કરી રહયા છે અને આ સંજોગો ધ્યાને લઈ અરજી ખર્ચ સહીત નામંજુર કરવા અરજ ગુજારેલ છે.

(૩) આ અરજી સબબ બંન્ને પક્ષકારોના વિધ્વાન વકીલશ્રીઓને સાંભળ્યા.

(૪) બંન્ને પક્ષોની રજુઆતો ધ્યાને લેતા તેમજ હાલની અરજી બી.એન.એસ.એસ. ની કલમ ૧૦૦ મુજબ દાખલ કરવામાં આવેલ હોય તે કલમ જોતા તેમા સ્પષ્ટપણે જણાવેલ છે કે, મેજીસ્ટ્રેટને આપવામાં આવેલ આ કલમ હેઠળની સત્તા એવા સંજોગોમાં વાપરી શકાય છે કે જે સંજોગો કોઈને અટકાયત કરવામાં આવે અને તે અટકાયત ગુન્હો બનતો હોય. હાલના કેસમાં અરજદારે અરજીમાં જણાવેલ વિગતો જોતા અને સામાવાળાનું સોગંદનામુ જોતા અરજદારે તેમની દીકરી જીનલ જેમની ઉંમર તેઓએ ૦૨ વર્ષની

જણાવેલ છે તેની કસ્ટડી હાલ તેમના પિતા એટલે કે અરજદારના પતિ પાસે છે અને કોઇ બાળકની કસ્ટડી પિતા પાસે હોય તો તે કસ્ટડીને ગેરકાયદેસર અટકાયત માની શકાય નહી. નિ:સંદેહ દીકરીની ઉંમર ૦૨ વર્ષની હોય અને હિન્દુ માઇનોરીટી અને ગાર્ડીયનશીપ એકટ ૧૯૫૬ની કલમ ૬(એ) પ્રમાણે ૫ વર્ષથી ઓછી ઉંમરના સગીર પુત્ર કે પુત્રીના નેચરલ ગાર્ડીયન માતાને માનવામાં આવે છે. પરંતુ બાળકની કસ્ટડી આપવા માટે અત્રેની કોર્ટને સત્તા ન હોય જેથી બાળકની કસ્ટડી કોને આપવી તે મુદ્દા વિશે કોર્ટ વિશેષ ચર્ચા કરી શકે નહી. હાલની અરજી કલમ ૧૦૦ ના વ્યાપમાં પડતી ન હોય જેથી હાલની અરજી નામંજુર કરી ફેસલ કરવામાં આવે છે.

તા. ૧૦/૦૪/૨૦૨૬ (એન.કે.યાદવ)

ઉના. સેકન્ડ એડીશ્નલ ચીફ જયુડી. મેજી.

ઉના.

(જીજે.૦૧૪૦૯)